અપીલ અરજી નં.૭૭ તા.૩૦–૬–'૦૮.

***અરજદાર :*** શ્રી ગુલામભાઈ મેમણભાઈ
***સામાવાળા:*** આસી.કમિશ્નર અને જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોન.

# ***હુકમ:–***

વિષય:–આરટીઆઈ એકટ હેઠળ શ્રી ગુલામભાઈ મેમણભાઈનીતા.૧૯–૫–૦૮ ની અરજીથી વોર્ડ નં.૧૧ નોંધ નં.૨૧૧૧ (ક) ના મંજુર પ્લાન બાબતે થયેલ બાંધકામ સ્થળ તપાસ, આધારિત માહિતી આપવા બાબત.

***સંદર્ભ :***– અરજદાર મજકુરની તા.૩૦–૬–'૦૮ ની અપીલ અરજી નં.૭૭/–૦૮–૦૯

શ્રી ગુલામભાઈ મેમણભાઈ પટેલે સંદર્ભમાં જણાવેલ તેમની અપીલ અરજીમાં તા.૧૯–૫–૦૮ ની અરજીથી વોર્ડ નં.૧૧ નોંધ નં.૨૧૧૧ (ક) ના મંજુર પ્લાન બાબતે થયેલ બાંધકામ, સ્થળ તપાસ, આધારિત માહિતી આપવા બાબતે રાઈટ ટુ ઈન્ફરમેશન સે.ઝોન/આ.નં.૨૮૧ તા.૧૨–૬–૦૮ થી આપેલ જવાબ સામે "પ્લાન મંજુર નથી" તેના સંદર્ભે બાંધકામ કેમ અટકાવેલ નથી? તથા તોડી નાંખવામાં આવતું નથી? જેની સ્થળ તપાસ કરી માહિતી પૂરી પાડવા જણાવી એપેલેટ ઓફિસરને તા.૩૦–૬–૦૮ ના રોજ અપીલ કરવામાં આવેલ.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ તથા નોંધ વિભાગ સહિત આપવા જોગ પૂરક માહિતીની વિગતો, આપેલ માહિતીમાં કોઈ વિસંગતતા હોય તો તે બાબતે સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૨૮૧ તા.૪–૭–૦૮ થી આસી.કમિશ્નર અને જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલ ઝોનને પત્ર પાઠવવામાં આવેલ. જેના સંદર્ભે તપાસ કરતાં સે.ઝોનમાં તા.૧૯–૫–૦૮ ના રોજ સદર વિગતે અરજદારે કોઈ આરટીઆઈ એકટ હેઠળ અરજી કરાયેલ જણાયેલ નથી. અરજદારે અપીલ અરજી સાથે જે જવાબ સામેલ કરવામાં આવેલ છે તે અહમદ હુસેન મો. આઝમ બોમ્બેવાલાનો છે.

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

"અરજદારે તા.૧૯–૫–૦૮ ના રોજ આરટીઆઈ એકટ હેઠળ વોર્ડ નં.૧૧ નોંધ નં.૨૧૧૧ (ક) હેઠળ માહિતી માંગવા માટેની અરજી કરેલ ન હોઈ સીધી અપીલ અરજી તા.૩૦–૬–૦૮ થી કરેલ છે. જેથી આરટીઆઈ એકટ હેઠળ તે સુસંગત નથી આથી અરજી દફતરે કરવામાં આવે છે.

નં. આરટીઆઈ સેલ/
તારીખ : –૭ –૦૮.

ડે.***કમિશ્નર(જનરલ),***
***અને એપેલેટ ઓફિસર***
***સુરત મહાનગર પાલિકા***

***પ્રતિ***
(૧) આસી.કમિશ્નર અને જાહેર માહિતી અધિકારી,સેન્ટ્રલ ઝોન ..... જાણ માટે
(૨) શ્રી ગુલામ મેમણ,ચોક બજાર,